જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૧૬/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૬૪૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૧૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૨૦ બીયરટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૦૨,૦૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૧૭/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૮/૧૭</u>**

**કૃષ્ણનગર** : નરેંદ્રસિંહ કલ્યાણસિંહ રાઠોડ (ઉ.વ.૨૪)(રહે,વિ/૨ પા.ટા.શીપ શિવાજી ચોક) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૯/૧૭ રાતનાં ૧૧/૦૦ થી તા.૨૧/૯/૧૭ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીનુ તાળુ તોડી સોના-ચાંદીના દાગીના તથા મોબાઇલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૬૮,૦૦૦ મતાની તેમજ પાડોશી રાજેશ રામપલ રાજપુત ના મકાનમા પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મોબાઇલ ફોન તથા રોકડ રકમ મળી કુલ ૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૯/૧૭</u>**

**ઓઢવ** : સુનિતાબેન વા/ઓ લક્ષ્મીનારાયણ જયસ્વાલ (રહે,જોગેશ્વરીબાગ સોસાયટી, શિતલછાયા ચાર રસ્તાની બાજુમાં ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૧૭ બપોરનાં ૪/૪૫ વાગ્યાનાં સુમારે રાઘે પાર્ક સોસાયટી ના ગેટ આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ એક અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષના આશરાનો) સુનિતાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૨૦/૧૭**

**સેટેલાઇટ** : તરુણભાઇ સંતરામભાઇ વર્મા (ઉ.વ.૪૩)(રહે,લેંડ-૦૨ સેકટર-૭ સત્યાગ્રહ છાવણી સોસાયટી રામદેવનગર ચાર રસ્તા સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૧૭ સાંજનાં ૫/30 થી ૬/30 સુધીનાં સમયગાળા દરમ્યાન સેટેલાઇટ બીમાનગર પાસે ગેલેક્ષી કોમ્પ્લેક્ષ ની આગળ રોડ પર એક મોટર સાયકલ પર આવેલા બે પુરૂષ તરૂણભાઇની ગાડી નો ડાબી સાઇડનો પાછળનાં દરવાજા નો કાચ તોડી, કારમાંથી રોકડા રૂપીયા ૬,00,000/- અને અગત્યનાં દસ્તાવેજોની ચોરી કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૨૧/૧૭**

**વટવા** : ગુલામરજાક શબ્બીરઅલી બુખારી (ઉ.વ.૬૦)(રહે, સાઈબાબા સોસાયટી ગોલ્ડન સિનેમાની પાછળ વટવા) એ તા.૨૧/૯/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૯/૧૭ રાતનાં ૧૨/00 થી તા.૧૭/૯/૧૭ સવારનાં ૬/00 સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, પલંગનીચે લોક મારીને મુકેલ પતરાની પેટીમાંથી સોનાના દાગીના કિંમત રૂપીયા ૧,૫૦,000/- મતાનાં કાઢી લઇ, પતરાની પેટીને ફરીથી તાળુ મારી ચોરી કરી નાસી ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.હુમ્મર ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૨૨/૧૭**

**ગુજરાત યુનિવર્સીટી** : સુનિલભાઇ ડાહ્યાભાઇ રાઠોડ (ઉ.વ.૪૧)(રહે, શુકન લોટસ, તુલસી બંગલો ન્યુ S.G.રોડ, ચાંદલોડીયા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૧૭ સવારનાં ૯/30 નાં સુમારે સાંઇ ગુલશન કોમ્પલેક્ષ, વાઇટ હાઉસ પાસે, ગુલબાઇ થી પંચવટી ચાર રસ્તા વચ્ચે રોડની સાઇડમા પોતાની સ્વીફ્ટ ડીઝાયર ગાડી નંબર જીજે.૦૧.આર.જી. ૬૩૮૯ કિંમત રૂપિયા ૩,૫૦,000/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી રાતનાં ૧૧/00 સુધીનાં સમયગાળા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૨૩/૧૭**

**કૃષ્ણનગર** : ભરતભાઇ મોહંનભાઇ પચાલ (ઉ.વ.૪૦)(રહે,શીવાલય એક્ઝોટીકા, ન્યુ પ્રસંગ સ્કુલ પાસે આદીશ્વર કેનાલ પાસે નવા નરોડા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૧/૦૯/૧૭ રાતના કલાક ૧૧/00 વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ સબાભાઇ ચલાવે છે.

**કાગડાપીઠ** : રિધ્ધી ડો/ઓ રમણલાલ ગોહેલ (ઉ.વ.૧૭)(રહે,કુંભારની ચાલી સીટી મીલ કમ્પાઉંડની સામે કાંકરીયા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૧/૦૯/૧૭ બપોરના ૨/30 વાગ્યાનાં સુમારે પોતાના ઘરની બાજૂમાં આવેલ કેમિકલ ઓફિસમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નટવરભાઇ હરજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.